**બિડાણઃ—** નિવાસી અધિક કલેકટરશ્રી,કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, કલેકટર કચેરી—નવસારી સેવા સદન, જુનાથાણા, ના તા.૧૦.૦૮.૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ નં—ઈઓસી/ડિઝા./ફરજ/માહિતી/વશી.૫૪૩૮ સને – ૨૦૨૧

**વિષયઃ—** જિલ્લા કક્ષાનાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં ફરજ સોંપણી માટે તમામ સંવર્ગના વર્ગ—૩ અને વર્ગ—૪ના કર્મચારીઓની અદ્યતન માહિતી મોકલવા બાબત....

---

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૨/ 6383-89 /૨૦૨૧. તાઃ૧૨/૦૮/૨૦૨૧

**સામેલઃ** ઉપર મુજબ.

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાના</u>:—** અત્રેની યુનિવર્સિટીના નવસારી કેન્દ્ર ખાતેના તમામ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ

૨/—નિવાસી અધિક કલેકટરશ્રી, કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, કલેકટર કચેરી—નવસારી સેવા સદન, જુનાથાણા, ના તા.૧૦.૦૮.૨૦૨૧ના સામેલ પત્ર મુજબ મંગાવવામાં આવેલ માહિતી જે વિભાગની મોકલવાની બાકી હોય તે તાત્કાલિક અત્રેની કચેરીની જાણ હેઠળ બારોબાર મોકલવા અંગે ઘટતુ થવા સારુ.

# કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી

ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, કલેકટર કચેરી-નવસારી, સેવા સદન, જુનાથાણા,

Email: - dismgmtnav@gmail.com, ફોન નં.:- ૦૨૬૩૭-૨૩૩૦૦૨, ૨૫૯૪૦૧ ફેક્સ નં.:- ૦૨૬૩૭-૨૮૧૫૪૦

**તાત્કાલિક / સમયમર્યાદા**

નં-ઈઓસી/ડીઝા./ફરજ/માહીતી/વશી. ૫૪૩૮ સને - ૨૦૨૧ તા:-૧૦-૦૮-૨૦૨૧

પ્રતિ,

કુલ સચિવશ્રી,

નવસારી કૃષી યુનીવર્સીટી, નવસારી, એરૂ ચાર રસ્તા, નવસારી

**વિષય ::** જિલ્લા કક્ષાનાં ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં ફરજ સોંપણી માટે તમામ સંવર્ગના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની અધતન માહિતી હાર્ડ અને સોફ્ટ કોપીમાં મોકલવા બાબત.

**સંદર્ભ ::** સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક :: સીએલએસ-૧૦૨૦૦૬ -૧૩૬૯-સ.૩ તા. ૨૦/૧૧/૨૦૦૬

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, જિલ્લામાં બનતી કુદરતી આપતિઓ કે અન્ય કોઈ આકસ્મિક દુર્ઘટનાના સમયે બચાવ અને રાહતના પગલાં તાત્કાલિક લઈ શકાય તેવા હેતુથી સરકારશ્રીની સુચનાનુસાર અત્રેની કચેરીમાં જિલ્લા કક્ષાનું ઈમરજન્સી ઓપરેશન સેન્ટર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રની સુચના અનુસાર જિલ્લા કક્ષાના આ ઈમરજન્સી સેન્ટરમાં જિલ્લાની કચેરીઓના વર્ગ-૩ અને વર્ગ-૪ કક્ષાના કર્મચારીઓને જુદી જુદી ત્રણ શીફટમાં ફરજ સોંપવામાં આવે છે. તદ્અનુસાર આપની કચેરી તરફથી રજુ થયેલ કર્મચારીઓની માહિતીને આધારે અત્રેથી કર્મચારીઓને ફરજ ફાળવણીનાં હુકમ કરવામાં આવે છે. જે અન્વયે આપની કચેરીના સહયોગથી ઈમરજન્સી ઓપરેશન સેન્ટર સુવ્યવસ્થિત રીતે કાર્યાન્વિત છે.

પરંતુ આપના તરફથી કર્મચારીઓની જે માહિતી રજુ થયેલ છે તે માહિતી લાંબા સમય પહેલાની હોવાથી કર્મચારીઓની બદલી, નિવૃતિ, અવસાન વિગેરે કારણોસર ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં સબંધિત કર્મચારી ફરજ પર હાજર રહેતા ન હોવાના પ્રસંગ ઉપસ્થિત થાય છે. જેથી આવા પ્રસંગ ઉપસ્થિત ન થાય તે માટે કર્મચારીઓની અધતન માહિતી મેળવવી જરૂરી હોય ***આપની કચેરીમાં / આપની પેટા કચેરીમાં /આપના તાંબા હેઠળની કચેરીમાં ફરજ બજાવતાં તમામ સંવર્ગના વર્ગ-૩ અને વર્ગ-૪ નાં કર્મચારીઓની અધતન માહિતી આ સાથેનાં પત્રકમાં ભરીને દિવસ-૩ માં આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ નિયત નમુના મુજબ પ્રમાણપત્ર સહિત અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.***

આપના તરફથી ઉકત માહિતી રજુ નહિં થાય તો જુની માહિતીના આધારે અત્રેથી કર્મચારીઓને ઈ.ઓ.સી.માં ફરજ સોંપવાના હુકમ કરવામાં આવશે અને તે પૈકી કોઈ કર્મચારીની બદલી, નિવૃતી-અવસાન થયેલ હોવાના કારણસર ફરજ ઉપર હાજર નહિં રહે તો તેને બદલે અન્ય કર્મચારીને ઈ.ઓ.સી.ની ફરજ માટે મોકલવા આપની જવાબદારી રહેશે. જેથી આ બાબતે અંગત લક્ષ આપી આપની કચેરીનાં વર્ગ-૩ અને વર્ગ-૪ કક્ષાના કર્મચારીઓની અધતન માહિતી નિયત પત્રકમાં **સ્તૃતિ ફોન્ટમાં જ તૈયાર કરી હાર્ડ અને સોફ્ટ કોપીમાં સમયસર દિન-૨ (બે)** માં અત્રેની કચેરીને મોકલવા વિનંતી છે.

નિવાસી અધિક કલેકટર

નવસારી

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૪૫૩૫
12 AUG 2021

## જિલ્લા કક્ષાના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં ફરજ બજાવવા માટે તમામ સંવર્ગના વર્ગ–૩ અને વર્ગ–૪ કક્ષાનાં કર્મચારીઓની માહિતી દર્શાવતું પત્રક :

| કચેરીનાં વડાનું નામ અને મો.નં. :– | | | | કચેરીનું નામ / સરનામું :– | | | |
|---|---|---|---|---|---|---|---|
| કચેરીના ટેલિફોન નંબર :– | | | | ફેક્સ નંબર :– | | | |
| ક્રમ | કર્મચારીનું નામ | કર્મચારીનો મોબાઈલ | હોદો | વર્ગ–૩/ વર્ગ–૪ | કાયમી/હંગામી /આઉટ સોર્સ / કરાર આધારીત | નિવૃતી તારીખ | વિશેષ નોંધ (જો વિકલાંગ કર્મચારી હોય તો તેઓની સર્ટીની નકલ મૂકવી) |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની કચેરીનાં તથા તાબા હેઠળની કચેરીઓમાં ફરજ બજાવતાં વર્ગ–૩ અને ૪ કર્મચારીશ્રીઓની માહિતી ઉક્ત પત્રકમાં જણાવેલ મુજબ છે તેમજ કોઈ પણ કર્મચારીશ્રીઓનાં નામ ઉપરોક્ત જણાવેલ યાદીમાં બાકી રહેલ નથી. જેની ખરાઈ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**સબંધીત ખાતાનાં વડાની સહિ અને સીક્કો**